


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. માર્ચ ૩૧, ૨૦૨૧ • ફાગણ વદ ૪, સંવત ૨૦૭૭

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Nitin Patel**
Hon'ble Deputy Chief Minister, Gujarat State



**Shri Pradipsinh Jadeja**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. K. Jadav**
Director
GSNRGF

## રાજ્યમાં કોરોના સંક્રમણના વ્યાપ સામે સરકાર ત્રણ 'T'ની વ્યૂહ રચનાથી આગળ વધી રહી છે:- મુખ્યમંત્રીશ્રી




મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે સમગ્ર દેશમાં કોરોના સંક્રમણ વધ્યું છે ત્યારે ગુજરાતમાં કોરોના સંક્રમણના વધતા જતા વ્યાપ સામે રાજ્ય સરકાર સંપૂર્ણ સજાગતા સાથે ત્રણ 'T' ની સ્ટ્રેટેજી અપનાવી આગળ વધી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, કોરોના સંક્રમણને અટકાવવા ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટમેન્ટ એમ ત્રણેય બાબતોને ધ્યાનમાં રાખી સરકારે રણનીતિ ઘડી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરમાં પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં એમ પણ જણાવ્યું કે, રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને વયજૂથના બાધ વિના એટલે કે કોઇ પણ એઇજ ગૃપના હોય તેમને ફ્રંન્ટ લાઇન કોરોના વોરિયર્સ ગણીને એમનું રસીકરણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, રાજ્ય સરકાર કોરોના સામે પૂરી સજ્જતાથી પેશ આવી છે. ટેસ્ટિંગની સંખ્યા રોજના ૩ લાખ સુધી લઇ જવાના નિર્ધારમાં અત્યારે સવા બે લાખ જેટલું ટેસ્ટિંગ થાય છે. એટલું જ નહિ, જ્યાં જરૂર જણાય ત્યાં કન્ટેનમેન્ટ ઝોન પણ વધારી રહ્યા છીએ. ઝડપથી ૧૦૪ ફિવર હેલ્પલાઇન, ધનવંતરિ રથ, સંજીવની રથ મારફતે ટ્રીટમેન્ટ વ્યવસ્થાઓ પણ ઊભી કરી દેવાઇ છે. રાજ્યની હોસ્પિટલોના ૭૦ ટકા બેડ ખાલી છે.

(Source : https://cmogujarat.gov.in)

## USના નવા કાયદાથી પાંચ લાખથી વધુ ભારતીયોને નાગરિકત્વ મળશે

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને એક બિલ પસાર કર્યું છે, જેનાથી પાંચ લાખથી વધુ ભારતીયો માટે અમેરિકાની નાગરિકતા મેળવવાનો માર્ગ ખુલી ગયો છે. અમેરિકન સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવે પસાર કરેલા બિલ અનુસાર બાળપણથી અમેરિકામાં ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકો માટે નાગરિકતા હાંસલ કરવી સરળ થઈ જશે. અમેરિકન ડ્રીમ એન્ડ પ્રોમિસ એક્ટના નામથી પસાર આ બિલથી અમેરિકામાં રહેતા પાંચ લાખથી વધુ ભારતીયોના સપનાં પૂર્ણ થશે. આ બિલને અમેરિકાની ઈમિગ્રેશન પોલીસીમાં મોટા ફેરફાર તરીકે જોવામાં આવી રહ્યું છે. 'અમેરિકન ડ્રીમ એન્ડ પ્રોમિસ એક્ટ'થી એવા અંદાજે ૧.૧ કરોડ ઈમિગ્રન્ટ્સને અમેરિકાનું નાગરિકત્વ મળી શકે છે કે જેમની પાસે કાનૂની દસ્તાવેજ નથી. અમેરિકામાં તેમને જ 'ડ્રીમર્સ' કહે છે. મતલબ કે એવા ઇનડાયરેક્ટ ઈમિગ્રન્ટ કે જેઓ માતા-પિતા સાથે બાળપણમાં અમેરિકા આવ્યા પણ દસ્તાવેજ ન હોવાથી તેમણે કાનૂની દેખરેખ હેઠળ રહેવું પડે છે. તેમને સ્વદેશ પાછા મોકલવાની વાતો પણ થતી રહે છે. તેમાં પાંચ લાખથી વધુ ભારતીયો છે.

(સંદર્ભ : નવગુજરાત સમય, તા.૨૦.૩.૨૦૨૧)




**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

## અમેરિકામાં સેરીટોસ કોલેજના લાભાર્થે ગુજરાતીઓએ ૪૨ લાખ ડોલરનું માતબર દાન એકત્ર કર્યું




USના લોસ એન્જલિસની સેરિટોસ કોલેજમાં મોટી સંખ્યામાં ભારતીય અને ગુજરાતી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓની અભ્યાસ અને કૌશલ્ય વૃધ્ધિ માટે ૧૭ નવા વિભાગો શરૂ થવાના છે અને તે માટે નવું સંકુલ પણ આકાર લઈ રહ્યું છે. આ માટે અહીં વસતા ગુજરાતીઓએ દાનની સરવાણી વહાવી છે. ગુજરાતીઓએ સ્થાપેલા સેરીટોસ કોલેજ ફાઉન્ડેશન દ્વારા કોલેજના શૈક્ષણિક કાર્યક્રમો માટે ૩૨ લાખ ડોલરનું દાન એકત્ર કરી આપવામાં આવ્યું છે. જ્યારે એક ગુજરાતી ડોક્ટર દંપતી દ્વારા દસ લાખ ડોલરનું માતબર દાન કરાયું છે. સેરિટોસ કોલેજ અમેરિકાની પ્રસિદ્ધ કોલેજો પૈકી એક છે. અમેરિકાના લોસ એન્જલિસથી વીસ માઇલ દૂર સેરિટોસ સિટીમાં આવેલી આ કોલેજ અમેરિકન વિદ્યાર્થીઓના પ્રવેશ મેળવવાની બાબતમાં ૮મી રેન્ક અને અમેરિકાની ૨૫ કમ્યુનિટી કોલેજોમાં ૯મુ સ્થાન ધરાવે છે. (Source : www.divyabhaskar.co.in)

## વેક્સિનેશન અવેરનેસ માટે ગુજરાતી તબીબ બન્યા સુપરહીરો



અમેરિકાની વિશાળ વસતીને કોરોનાની રસી આપવી મોટો પડકાર છે. ત્યારે પેન્સિલ્વેનિયા સ્ટેટમાં આવેલા નાનકડા સ્કીપેક ટાઉનમાં એક ગુજરાતી ડોક્ટરે સ્વેચ્છાએ વેક્સિનેશન અવેરનેસનું બીડું ઝડપ્યું છે. ડો. મયંક અમીન નામના સ્થાનિક ફાર્માસિસ્ટે તેમની ફાર્મસીમાં વેક્સિનેશન ક્લિનિક પણ શરૂ કર્યું છે. અંદાજે ૧૫ હજારની વસતી ધરાવતા આ ટાઉનમાં ડો. મયંક અત્યાર સુધીમાં ૩ હજાર લોકોને કોરોનાની રસી આપી ચૂક્યા છે. રોજ સવારે પૂજા-પાઠ કરીને ડો. મયંક સુપરમેનનો ડ્રેસ ધારણ કરીને વેક્સિનેશન શરૂ કરે છે. તેઓ વૃદ્ધોને તેમના ઘરે જઇને રસી આપે છે. સ્થાનિક રહેવાસીઓથી માંડીને મિત્રો-સ્વજનોમાં 'ડો. મેક' નામે ઓળખાતા મયંક અમીને કોઇ પણ નફો લીધો વિના શરૂ કરેલા અભિયાનની અમેરિકી મીડિયાએ પણ ભરપૂર પ્રશંસા કરી છે. (Source : www.gujarat-samachar.com)

## કોવિડના ગાળામાં કોમ્યુનિટીની સેવા કરનારા વિમલ પંડ્યાને બ્રિટનની રાણીએ સન્માનપત્ર આપ્યું



મૂળ વડોદરાના અને હાલ સાઉથ લંડનમાં રહેતા યુવાન વિમલ પંડ્યાને તેમણે કોરોનામાં કરેલા સામાજિક કાર્યો બદલ બ્રિટિશ ક્વિને લેટર ઓફ રેકિગ્નેશન પાઠવ્યો છે. વિમલ પંડ્યા સાઉથ લંડનના રોથરહિથના સ્ટોરમાં કામ કરે છે. માર્ચ-૨૦૨૦માં લોકડાઉન થતાં સ્ટોર્સ બંધ થઇ ગયા હતા ત્યારે તે લંડનના પરિવારો, વૃદ્ધોની વહારે આવ્યા હતા. તેમણે લોકોની દવા સહિતની જરૂરની ચીજોની ઘરેથી યાદી લઇ સ્ટોરમાં જઇ વસ્તુ પહોંચાડી લંડનના ૫૦ પરિવારોને મદદ કરી હતી. (Source : www.divyabhaskar.co.in)

## ૧૧ એપ્રિલે સરદાર પટેલ મેમોરિયલ સોસા. યુકેની વાર્ષિક સાધારણ સભા

સરદાર પટેલ મેમોરિયલ સોસાયટી (SPMS) યુકેની વાર્ષિક સાધારણ સભા ૧૧મી એપ્રિલ, ૨૦૨૧ને રવિવારે સાંજે ૫થી ૭ દરમિયાન યોજાશે. તેમાં ઝૂમના માધ્યમથી એક્ઝિક્યુટિવ કમિટીની ચૂંટણી યોજાશે. SPMS યુકેની વાર્ષિક સાધારણ સભા દર બે વર્ષે યોજાય છે. સરદાર પટેલ મેમોરિયલ સોસાયટી યુકે સ્વૈચ્છિક સંસ્થા છે અને ૧૯૮૫માં સરદાર પટેલના શુભેચ્છકો અને પ્રશંસકો દ્વારા તેની સ્થાપના કરાઈ હતી. સંસ્થાનો હેતુ મહાન નેતા સરદાર પટેલના જીવન અને કાર્યો વિશે માત્ર બાળકોમાં જ નહીં પણ આપણી કોમ્યુનિટીમાં જાગ્રતિ કેળવવાનો છે. સરદાર પટેલની વીરાસતને આગળ ધપાવવા માટે SPMS યુકેએ અત્યાર સુધીમાં ઘણાં કાર્યક્રમો યોજ્યા છે. સંસ્થા દ્વારા ભારતના લોહ પુરુષની જન્મજયંતી અને પુણ્યતિથિની વાર્ષિક ઉજવણી કરવામાં આવે છે. (Source : www.gujarat-samachar.com)

## સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢની નવી પ્રદેશ કારોબારી જાહેર



સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢની નવી પ્રદેશ કારોબારીની ઘોષણા કરવામાં આવી છે. પ્રદેશ અધ્યક્ષ પ્રિતેશ ગાંધીએ નવી કારોબારીમાં રાજ્યના તમામ જિલ્લાના પ્રતિનિધિઓનો સમાવેશ કર્યો છે. આ પ્રસંગે પ્રીતેશ ગાંધીએ જણાવ્યું હતું કે સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢ વિવિધ ક્ષેત્રે સામાજિક હિતમાં પ્રશંસનીય કાર્ય કરી રહ્યો છે. મને વિશ્વાસ છે કે જે સભ્યોને વિવિધ જવાબદારીઓ આપવામાં આવી છે તેઓ તેમની ફરજો સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવશે અને સામાજિક હિતમાં કામ કરતી વખતે સમાજને નવી દિશા તરફ આગળ વધારવામાં અર્થપૂર્ણ ભૂમિકા નિભાવશે. (Source : www.naidunia.com)

## ગુજરાતી સમાજ દ્વારા મહાશિવરાત્રીએ માસ્કનું વિતરણ



મહાશિવરાત્રી નિમિત્તે ઓડિશાના ઝારસુગુડાના ગુજરાતી સમુદાય દ્વારા ઝાડેશ્વર અને મહાદેશ્વર મંદિરમાં પૂજાઅર્ચના કરવા આવેલા શિવભક્તોમાં કોરોના પ્રત્યે જનજાગૃતિ ફેલાવવા માસ્કનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે નિમિષ આથા, હરીશ ગનારતા, વિજય કટારિયા, દિલીપ પોપટ, વિનોદ ટાંક, લેગસી પોપટ, જલારામ કક્કર અને વિપુલ કક્કર સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. (Source : www.jagran.com)



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન

અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**


જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.




## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો

બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.







## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર

બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

# ડાયસ્પોરા બાળકો માટે સ્કૉલરશીપ કાર્યક્રમો
## SCHOLARSHIP PROGRAMMES FOR DIASPORA CHILDREN

**હેતુ**

ભારત સરકાર દ્વારા ઓવરસીઝ ભારતીયોના બાળકોને ભારતમાં જ ઉચ્ચ શિક્ષણ સુલભ કરાવવા માટે તથા ભારતને ઉચ્ચ શિક્ષણ આપતાં કેન્દ્ર તરીકે પ્રમોટ કરવાના હેતુસર આ યોજના શરૂ કરવામાં આવી છે.




**યોજનાનો લાભ કોને મળે છે ?**

આ યોજનાનો લાભ ૧૦૦ જેટલા PIO/NRIઓને Undergraduate મેડીકલ અને તેને સંબધિત અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો જેવા કે એન્જીનીયરીંગ, ટેક્નોલોજી, માનવ-વિદ્યાઓ, કોમર્સ, આર્ટસ, મેનેજમેન્ટ, જર્નાલિઝમ, હોટેલ મેનેજમેન્ટ, ખેતી, પશુ પાલન વગેરે માટે વાર્ષિક ૪૦૦૦ US$ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ ભારતીય ડાયસ્પોરાની પૂરતી વસતી હોય તેવા ૪૦ જેટલા દેશોના PIO/NRIઓ માટે છે.

**યોજનાના અમલીકરણ માટે જવાબદાર એજન્સી ?**

ભારતીય મિશન

**આ યોજનાની વધુ માહિતી મેળવવા માટે લોગ ઓન કરો :**
**http://mea.gov.in/spdc.htm**

# અનઅધિકૃત એજન્ટોથી ચેતો અને ભારત સરકાર દ્વારા માન્ય રીક્રુટીંગ એજન્ટ થકી જ વિદેશમાં રોજગારી અર્થે જવાની પ્રક્રિયા કરો

- ઇમીગ્રેશન એક્ટ ૧૯૮૩ હેઠળ ભારત સરકાર દ્વારા વિદેશમાં રોજગારી અર્થે નાગરિકોને મોકલવા માટે ભરતી કરનાર એજન્ટો (રીક્રુટીંગ એજન્ટો) અધિકૃત કરી તેના નિયમો બનાવવામાં આવેલ છે.
- પરદેશમાં અને તેમાં પણ ખાસ કરીને ગલ્ફ દેશોમાં કુશળ, અર્ધકુશળ અને અકુશળ કારીગરોની માંગણી રહે છે. દર વર્ષે સાતથી આઠ લાખ ભારતીય કારીગરો વિદેશમાં જાય છે. પરંતુ તેઓની સુરક્ષા અંગે કોઇ ખાતરી નથી. કારણ કે, કારીગરો બે પ્રકારના એજન્ટો દ્વારા આ દેશોમાં જાય છે. (૧) ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents અને (૨) ગેરકાયદેસર Recruiting Agents.
- ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે ગયેલ કારીગરોને કોઇ પ્રશ્નો ઊભા થાય તો ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા સંપૂર્ણ મદદ થાય છે. પરંતુ ગેરકાયદેસર Recruiting Agents મારફતે ગયેલ કારીગરોના પ્રશ્નો હલ કરવા ઘણા મુશ્કેલ બની જાય છે. કારણ કે તેઓને Recruiting Agents દ્વારા ઘણી છેતરામણી, લોભામણી વાતો કરી લઇ જવામાં આવે છે અને ત્યાં વાસ્તવિકતા અલગ જ હોય છે.
- ભારત સરકાર દ્વારા કારીગરોની નોકરી અંગે જે કાયદેસરના Recruiting Agents નીમાયેલ છે. તેમાં ગુજરાતમાં ૯ રજીસ્ટર્ડ Recruiting Agents કાર્યરત છે. આ બાબતની જાગૃત્તિ લાવવા માટે ગુજરાત સરકાર વતી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાને વર્તમાન પત્રોમાં અંગ્રેજી અને ગુજરાતીમાં રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે જ પરદેશ નોકરીની કાર્યવાહી હાથ ધરવા જાહેરાત આપેલ છે અને રજીસ્ટર્ડ Recruiting Agents ની યાદી તથા વધુ વિગતો માટે ભારત સરકારની વેબસાઇટ www.emigrate.gov.in ની મુલાકાત લેવી.


**વિદેશમાં રોજગારી અર્થે કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ભરતી કરનાર એજન્ટ (રીક્રુટીંગ એજન્ટ) થકી જાવ અને છેતરીપીંડીથી બચો.**

# સોનકંસારીના મંદિરો



પોરબંદરથી ૪૫ કિ.મી. દૂર બરડા ડુંગરની ગોદમાં આવેલ ઐતિહાસિક ઘૂમલી નગરીના ઉપરના ભાગે આશાપુરા મંદિરથી અંતરિયાળ વિસ્તારમાં ડુંગરો વચ્ચે ઐતિહાસિક સોનકંસારીના દહેરાં તરીકે ઓળખાતા મંદિરોનો સમૂહ આવેલો છે. મૂળ ૧૩ મંદિરોમાંથી હવે માત્ર ૬ મંદિર બચ્યા છે જેમાંથી મોટાભાગના જર્જરીત હાલતમાં છે. આ નાનામોટા મંદિરોનો સમૂહ પુરાતત્વ ખાતા હસ્તક છે. બરડા ડુંગરની મધ્યે ઘૂમલી નજીક આવેલ સોનકંસારીના આ દહેરાં તથા તેની આજુબાજુનો વિસ્તાર અત્યંત રમણીય અને પ્રાકૃતિક સૌંદર્યથી ફાટફાટ થતો જોવા મળે છે. સતી સોનકંસારીના શાપને કારણે ઘૂમલીનો નાશ થયા બાદ આ મંદિર બંધાયેલા હોવાનું મનાય છે. પર્વતીય વિસ્તારમાં આવેલું આ સ્થળ નવલખા મંદિરની દક્ષિણ પશ્ચિમે સ્થિત છે. મંદિર સામે જ એક સરસ મજાનું તળાવ છે. સોનકંસારી તળાવની પાસે એક વિશાળ કુવો છે જેની આસપાસ આ મંદિરો આવેલા છે. 'સોનકંસારી ટેમ્પલ ગ્રુપ' તરીકે પુરાતતવ ખાતું આ મંદિરોને ઓળખે છે.

સોનકંસારીના આ મંદિરોનો ભવ્ય ઈતિહાસ છે. ગુજરાતના મંદિર સ્થાપત્યોના ગ્રુપમાં સોનકંસારીના આ મંદિરોનો સમુહ અનન્ય છે અને તેની કોતરણી દુર્લભ છે. ૯મી સદીથી ૧૪મી સદી વચ્ચે બંધાયેલા આ મંદિરો સાથે સોનકંસારી નામની યુવતી સતી થઈ ગઈ તેની કથા પણ મોજુદ છે. સૌથી જૂનું મનાતું ૯મી સદીનું વિષ્ણુ મંદિર પણ અહીંયા જોવા મળે છે. આ મંદિરોના સમુહની વિશિષ્ટતા એ છે કે, તેમાં અલગ-અલગ શૈલીની કોતરણીના નમૂના છે. સોનકંસારી મંદિર સમુહમાં પ્રાચીન ગણાતું એક નંબરનું મંદિર શક્તિ મંદિર મનાય છે. મૈત્રકકાલીન



પૂર્વાભિમુખ આ મંદિર ગવાક્ષો અને કણકૂટ સાથેનું પાંચ સ્તરીય શંકુ આકારનું શિખર ધરાવે છે. હવે લગભગ નષ્ટ થઈ ગયેલાં મંડપ અને પ્રદક્ષિણાપથને પથ્થરની જાળીવાળી બારીઓ હતી. બાજુની અને પાછલી દીવાલોની મધ્યમાં ઉપર કરાવાળા મોટા ગવાક્ષો છે. ઉત્તરની દીવાલમાં સુરેખ મકર-તોરણ છે, અને ઉપર-નીચેના ગવાક્ષોમાં સમૃદ્ધિના દેવ કુબેર છે.

શિખર અને કર્ણકૂટ સાથેનું માત્ર ગર્ભગૃહ વિદ્યમાન છે એવું ત્રણ નંબરનું મંદિર ૯મી સદીની મધ્યમાં બનેલું સૈંધવકાલીન મંદિર છે. મંદિરની પીઠ પરથી એને મંડોવર સાથેનો મંડપ અને પરસાળ હોવાનું સૂચિત થાય છે. બહારની દીવાલોની વચોવચ ગવાક્ષ, ઉપર છાપરા અને બેઠક સાથેની ઝરૂખા જેવી રચના અને મથાળે દંતાવલિ અને અલંકૃત કરા, એ આ મંદિરની નોંધપાત્ર લાક્ષણિકતા છે.

ચાર નંબરના મંદિરના સ્વરૂપમાં જુદા જુદા સમયની અસર થઈ હોવાથી એને ૭મી સદીથી ૯મી સદીની મધ્યમાં મૂકવામાં આવે છે. એનું સાત સ્તરીય શિખર શંકુ આકારના શિખર સાથે સામ્ય ધરાવે છે, સાથે ગવાક્ષોના ઊભા બંધ દ્વારા સર્જાતા વક્રરેખીય નાગર પ્રકારના શિખરનો ભાસ કરાવે છે. ઉપરનો મોટો આમલક જૂની શૈલીનો છે. સાદી દીવાલોની ઉપરની દંતાવલિ એ લાકડાના બનેલા ઢળતા છાપરાના પીઢિયાનું પથ્થરમાં કરેલું અનુકરણ છે.

આઠમા નંબરના મૈત્રકકાલીન મંદિરના ગર્ભગૃહ અને મંડપને સાતત્ય સાથે સાંકળતી બહારની દીવાલ લંબચોરસ પીઠ ધરાવે છે. એનું એક માત્ર અલંકરણ શંકુ





આકારના શિખરની નીચેની વસંતપટ્ટીકા છે. આ મંદિરના શંકુ આકારના શિખરના છ સ્તર ટકેલા છે અને ઊપસેલા ખાંચાથી જુદા પડે છે. મંડપની છત એની સાથે જોડાયેલી છે, પણ એના ચારેય સ્તરો આછાં છે. એના પશ્ચિમ છેડે ચૈત્ય બારીઓ છે. આ મંદિરનું સ્વરૂપ ૭મી સદીના અંતનું કે ૮મી સદીના આરંભનું છે.

મૈત્રકો ઇ.સ. ૪૬૮ થી ઇ.સ. ૭૮૮ સુધી સૌરાષ્ટ્રના દરિયાકાંઠે રાજ કરતા હતા. આરબોની સિંધમાં ઘૂસણખોરીથી ભાગેલા સૈંધવો મૈત્રકોના આશ્રિત બન્યા. એમણે સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ૮મી સદીના આરંભથી ૯મી સદીના અંત સુધી શાસન કર્યું.

એક લોકકથા મુજબ ઘૂમલીનો રાણા ભાણજી જેઠવા સોનકંસારીના પ્રેમમાં પડ્યો હતો પણ સોનકંસારી તેના સેનાપતિ રાખાયત બાબરીયાને પ્રેમ કરતી હતી. ક્રોધિત થયેલા રાણા ભાણજીએ પોતાના સેવક કુંભા દ્વારા રાખાયતની હત્યા કરાવી દીધી જેથી તે સોનકંસારીને પામી શકે. પણ રાખાયતનું મૃત્યુ થતાં સોન સતી થવા તૈયાર થઈ. ભાણજીએ તેને સતી થતી રોકવા બહુ પ્રયત્નો કર્યા પણ ક્રોધિત સોનકંસારી પોતાના નિર્ણયમાં અડગ હતી. તેને સતી થતાં પહેલા શાપ આપ્યો કે કાળની થપાટે ઘૂમલીનો નાશ થશે. ૧૩૧૩માં જામ દ્વારા ઘૂમલીને તોડી પાડવામાં આવ્યું ત્યારે તેની ભવિષ્યવાણી સાચી પડી.

બીજી એક કથા મુજબ ઘૂમલીના રાણા ભાણજીનું લગ્ન થાન કંડોરણાના ઠાકોર મિયાત બાબરીયાની પુત્રી સૂરજદેવી સાથે થયું હતું. સૂરજદેવીને ઓઢો, જખરો અને રાખાયત નામના ત્રણ ભાઈઓ હતા. એકવાર રાખાયતને મોટા ભાઈ સાથે કાંઇ બોલાચાલી થઈ એટલે તે ભાગીને પોતાની બહેનને ત્યાં ઘૂમલી આવી ગયો. ઘૂમલીમાં એક દિવસ ફરતા ફરતા તેણે સોનકંસારીને જોઈ અને તેના પ્રેમમાં પડી ગયો. પોતાના બનેવી ભાણજીને કહીને તેણે સોનકંસારી સાથે લગ્ન માટે કહેણ મોકલાવ્યું. કંસારાએ પહેલા તો આનાકાની કરી પણ પછી રાજસત્તા સામે ઝૂકી લગ્ન માટે રાજી થયો. લગ્નના ત્રણ ફેરા ફરાય અને ચોથો શરૂ થાય તે પહેલા તો અચાનક હોકારા પડકારા થવા લાગ્યા અને નાસભાગ મચી ગઈ. તપાસ કરતાં રાખાયતને ખબર પડી કે પોતાના લગ્નમાં વિઘ્ન નાખવા તેના ભાઈઓએ જ ગાયોનું ધણ વાળ્યું છે. શૂરવીર રાખાયત વરમાળાને ગળામાંથી ઉતારી તરત જ ગાયોના ધણને વાળવા અને શત્રુ સાથે લડવા રવાના થયો. અને લડતા લડતા વીરગતિ પામ્યો. સોન તેની પાછળ સતી થઈ. ધાર્મિક રાજા ભાણજી જેઠવાએ આ પવિત્ર સ્ત્રીનું નામ રાખવાને તે સતી થઇ ત્યાં દહેરાં ને તળાવ બંધાવ્યાં.

(Sources & Photo Courtesy : www.gujaratsamachar.com, https://devbhumidwarka.nic.in, https://historyliterature.wordpress.com, Google Photos)



**જે દેશપરદેશમાં પ્રતિષ્ઠા પામ્યા; જેણે રાજ્યનીતિજ્ઞોમાં સન્માન અને સદભાવ મેળવ્યાં; બ્રિટિશ સલ્તનતનાં વિશ્વાસ અને માન જેમણે મેળવ્યાં; જે નાનપણથી જ ગાંધીજીના વિશ્વાસુ મિત્ર અને ભક્ત હતા – તે પટ્ટણીજીએ ભાવનગર માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું અને તેમની લગભગ ૫૦ વર્ષની કારકિર્દી દરમિયાન ભાવનગરને એક નાના રાજ્યમાંથી પ્રખ્યાત અને મોટા રાજ્યોની હરોળમાં ગૌરવભર્યા સ્થાન ઉપર પહોંચાડ્યું હતું.**



## ભાવનગરના દિવાન
# સર પ્રભાશંકર પટ્ટણી

પ્રભાશંકર પટ્ટણીજીનો જન્મ ઈ.સ. ૧૮૬૨માં મોરબી ખાતે એક ગરીબ કુટુંબમાં થયેલો. તેમના વડવાઓ કથાવાચન કરી કુટુંબનિર્વાહ કરતા. પટ્ટણીજી સગાંસંબંધીઓને ત્યાં રહી રાજકોટની નિશાળમાં ભણેલા. ત્યાં તેમને ગાંધીજી સાથે મૈત્રી થઈ. આ બન્નેની મૈત્રી જીવન પર્યંત ટકી રહી. જ્યારે ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા, ત્યારે પટ્ટણી તેમની પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓની માહિતી રાખતા હતા. ૧૯૧૫માં ગાંધીજી ભારત પાછા આવ્યા ત્યારે તેમની મિત્રતા વધી હતી. એક હિન્દની સરકાર સામે ઝઝૂમતા નેતા - બીજા દેશી રાજ્યના અને અંગ્રેજ સરકારના નોકર. એ બન્નેની મૈત્રી આખા હિન્દના ક્રાન્તિકાળમાં અડગ જળવાઈ રહી એટલું જ નહીં પણ વધારે ગાઢ બની, તે એક અદ્વિતિય વસ્તુ છે.

પટ્ટણીજી મૅટ્રિક સુધી ભણ્યા હતા. મૅટ્રિક પછી મુંબઈમાં મેડિકલ કોલેજમાં અભ્યાસ માટે દાખલ થયા પણ ખરાબ તબિયતને કારણે તેમને મુંબઈ છોડવું પડ્યું. તબિયત બગડતાં અને ક્ષયનો વહેમ જતાં ૧૮૮૬માં તેઓ માણાવદર ચાલ્યા આવ્યા, પછી જુદે જુદે સ્થળે નોકરીની શોધ કરી. દરમિયાન સૌરાષ્ટ્રના પ્રખર વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીના ભાઈ મણિભાઈની પુત્રી સાથે લગ્ન થયાં. કમનસીબે લગ્ન પછી થોડા વખતમાં જ તેમનાં પત્ની ગુજરી ગયાં અને ઝંડુ ભટ્ટજીના બીજા ભાઈ મોરબીના રાજ્યવૈદ્ય વિશ્વનાથ વિઠ્ઠલજીનાં પુત્રી રમાબહેન સાથે લગ્ન થયાં. રમાબાએ લગભગ પચાસ વર્ષ સુધી પટ્ટણીજીનું ઘર ચલાવ્યું. બીજા લગ્ન પછીની એક વાત છે. પોતે ભણવાનું છોડી સગાંસંબંધીઓને ત્યાં જ રહેતા, નોકરી હજી મળી ન હતી. તેમાં એક દિવસ જે ઘેર રહેતા હતા ત્યાં તેમણે પટ્ટણીકુટુંબને મહેણું લાગે એવું વાક્ય સાંભળ્યું અને તરત એ ઘર છોડી આત્મનિર્ભર બનવાનો નિશ્ચય કરી રમાબા પાસે ગયા અને કહ્યું કે હું ઘર છોડું છું. મારું શું થશે તે ખબર નથી. હું તને કાંઈ આપી શકું તેમ નથી. પણ તારું પોષણ કરવું એ મારો ધર્મ છે અને ફરજ છે, માટે તને પૂછું છું. મારી સાથે આવવું છે ? કે તારા પિતાને ઘેર મૂકતો જાઉં ? રમાબાએ તેવી જ મક્કમતાથી કહ્યું કે મારું સ્થાન તમારી સાથે જ છે, જે તમારું થશે તે મારું થશે. અને બન્ને નીકળી પડ્યાં. તેમણે મોરબીમાં, દેવગઢબારિયામાં, ધારવાડમાં એમ નોકરીઓ કરેલી. એક-બે શાળાના શિક્ષકની નોકરી કરી તેમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષકની નોકરી સ્વીકારી. આ કાળ દરમ્યાન, કવિ કાન્ત, બ.ક.ઠાકોર જેવા રસિક મિત્રો અને ભવિષ્યના સાક્ષરો સાથેના વિદ્યાવ્યાસંગથી પોતે પણ સિધ્ધહસ્ત લેખક અને કવિ બન્યા. તે સમયે ત્યાં ભાવનગરના મહારાજકુમાર ભાવસિંહજી પણ વિદ્યાર્થી હતા. પ્રભાશંકરને તેમના શિક્ષક તેમજ ટ્યુટર તરીકે નિમવામાં આવ્યાં. એ વખતે બન્ને વચ્ચે બહુ ગાઢ મૈત્રી બંધાઈ

ઈ.સ. ૧૮૯૬માં તખ્તસિંહજી મહારાજ દેવ થયા ત્યારે પટ્ટણીજી એક બપોરે ભાવસિંહજી મહારાજ પાસે ખેદ વ્યક્ત કરવા આવ્યા. ભવિષ્ય માટે શુભેચ્છાઓ દેખાડી અને રજા લઈ પગથિયાં ઉતરતા હતા ત્યાં જ એક તાર આવ્યો. બ્રિટિશ સરકારનો તાર હતો. ભાવસિંહજી મહારાજે એ વાંચ્યો અને લાલ થઈ ગયા. પટ્ટણીજીના હાથમાં તાર મૂક્યો, સલાહ માગી. જ્યાં સુધી સરકાર તરફથી વિધિસરની સંમતિ ન આવે ત્યાં સુધી ભાવસિંહજી મહારાજે રાજકાજમાં ભાગ લેવો નહીં એવો તારનો ભાવાર્થ હતો. ભાવસિંહજી ગુસ્સે થઈ ગયા. પટ્ટણીજીએ તેમને શાંત પાડ્યા, કહ્યું : રાજ્યના બાહોશ તથા અનુભવી એવા દિવાનસાહેબને અને બીજા કાર્યવાહકોને બોલાવી તેમને એ તાર




ભાવસિંહજી મહારાજ

સુપરત કરવો અને જૂની પ્રણાલિકા પ્રમાણે રાજ્યનું કામકાજ, વહીવટ ચાલુ રાખવા કહેવું. વળી સલાહ આપી કે મામલો પાટા પર લાવવાનો ભાર જે અત્યાર સુધી રાજ્યધુરા સંભાળતા આવ્યા તેમની ઉપર નાખવો. આમ પટ્ટણીસાહેબે કહ્યું તે પ્રમાણે મહારાજે કર્યું. પણ મહારાજે પટ્ટણીજીને કહ્યું કે, 'તમારે મારી પાસે રહેવાનું છે. તમે હવે ભાવનગર છોડશો નહીં.' ત્યારથી પટ્ટણીજી ભાવનગરમાં કાયમી થયા. પહેલા કારકુન તરીકે અને પછી સેક્રેટરી તરીકે ફરજ બજાવી. આગળ જતાં તે સમયના કુશળ દિવાન વિઠ્ઠલદાસ મહેતાએ નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામુ આપ્યું. ૧૯૦૩માં મહારાજાએ પ્રભાશંકરની જ દિવાનપદે વરણી કરી. ત્યારથી ૧૯૩૮ સુધીમાં તેમણે ભાવનગર રાજ્યને એક આદર્શ રાજ્યની કક્ષા પર લાવી દીધું. ભાવનગરમાં દિવાનગીરી દરમિયાન બંદરની ખિલવણી થઈ. નાનું બંદર મોટું થયું. વેપાર વધ્યો સાથે સાથે રેલવે લાઈનો વધી; રસ્તા વધ્યા; દારૂબંધી થઈ, ભાવનગરમાં ધારાસભાનાં પણ મંડાણ થયાં.

સર પટ્ટણીએ ભાવનગર જેવા મોટા રાજ્યના દિવાન તરીકે અનેક વિષયોમાં નોંધપાત્ર કામગીરી કરી. પરંતુ રાજ્યની નાણાંકીય સ્થિતિને સ્થિર તથા મજબૂત કરવાનું તેમનું કાર્ય કોઇ કાળે વિસરી ન શકાય તેવું છે. વિશ્વમાં આજે પણ પ્રમાણમાં સમૃદ્ધ-સુખી કહેવાતો દેશ હોય ત્યાં પણ જો રાજ્યની નાણાંકીય સ્થિતિ ડામાડોળ થાય તો તેની ગંભીર અસરો માત્ર આર્થિક બાબતોમાં જ નહિં પરંતુ સામાજિક બાબતોમાં પણ થાય છે. આથી જ્યારે આજથી લગભગ ૧૨૦ વર્ષ પહેલા કોઇ દેશી રજવાડાના દિવાન નિષ્ણાત તબીબની જેમ રાજ્યને મૌલિક ઉપાયોથી આ આર્થિક મંદવાડમાંથી ઉગારે અને નાણાંકીય સ્થિરતા-સદ્ધરતાનું દર્શન કરાવે ત્યારે આવા હકીમને સલામ કરવાનું મન જરૂર થાય. ઉપલબ્ધ વિગતો અનુસાર ૧૯૦૩માં સર પટ્ટણી ભાવનગર રાજ્યના દિવાનની જવાબદારી સંભાળે છે અને તેમની સૌથી પ્રથમ અગ્રતા રાજ્યની નાણાંકીય બાબતો તરફ રહે છે. દિવાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ માત્ર બે જ મહિનાના ટૂંકા ગાળામાં 'ભાવનગર દરબાર સેવીંગ્ઝ બેંક' સ્થાપના કરવામાં આવે છે. પટ્ટણી સાહેબની વિચક્ષણ કૂનેહ અને ભાવનગર રાજ્યના વહીવટની આંતરિક શક્તિના બળ ઉપર એક દિર્ઘદ્રષ્ટિભર્યા નિર્ણયથી ભાવનગર રાજ્ય તેના પર વીસ લાખનું દેવું હતું તે ધ્યાનમાં રાખીને વીસ લાખ રૂપિયાના બોન્ડ બહાર પાડે છે. મહારાજા ભાવસિંહજી પાછળથી એક સમારંભમાં પટ્ટણી સાહેબની કાર્યપદ્ધતિ તથા નિર્ણય શક્તિને બિરદાવતા કહે છે કે સામાન્ય રીતે દેશી રાજ્યોની એવી આર્થિક શાખ હોતી નથી કે રાજ્યે બજારમાં મૂકેલી લોન-બોન્ડ બજારમાં ઉપડે. પરંતુ આપણાં રાજ્યની એકંદર સ્થિતિ તથા સર પટ્ટણી જેવા વહીવટદારની હાજરીથી હિન્દુસ્તાનમાં આપણી વિશ્વસનિયતા પ્રસ્થાપિત થઇ છે. આથી આ લોન ઓવર-સબસ્ક્રાઇબ થઇ! પછી મહારાજા ભાવસિંહજી ઉમેરે છે કે શ્રી પટ્ટણી આ સ્થિતિ માટે જવાબદાર છે, યશના અધિકારી છે. તે વાત કહેવામાં ભાવનગર રાજ્યના પ્રજાજનો આનંદ અનુભવે છે પણ હું તો તેને મગરૂખી માનું છું! કોઇ મહારાજાએ તેના દિવાનને આપેલી આવી ભવ્ય ભાવઅંજલી એ પણ ઇતિહાસની એક વિશિષ્ટ ઘટના છે. દુષ્કાળ સહિતના અનેક કારણોસર કથળેલી રાજ્યની આર્થિક સ્થિતિને ગણતરીના વર્ષોમાં જ સર પટ્ટણીએ પોતાના સામર્થ્યથી સંતોષકારક કક્ષાએ મૂકવાનું કામ કર્યું. આજે પણ વહીવટકર્તાઓ બંદરોનું યોગદાન નોંધપાત્ર રીતે સ્વીકારે છે ત્યારે આ હકીકત ૧૨૦ વર્ષ પહેલા સર પટ્ટણીને બરાબર સમજાઇ હતી. ભાવનગર રાજ્યને બ્રિટીશ શાસન પાસેથી બંદરીય વેપારના હક્કો મેળવી આપવાનો તેમણે કરેલો અવિરત સંઘર્ષ ઇતિહાસની એક ગૌરવપૂર્ણ ગાથા છે.



સર પ્રભાશંકર પટ્ટણી



સર પ્રભાશંકર પટ્ટણી ગાંધીજી સાથે

ભાવનગરના બંદરી હકો વિષે સરકાર સાથે પહેલાથી કરારો થયા હતા તે મુજબ ભાવનગરે સરકારી હિસાબે બંદર ઉપર આયાત વેરો લેવો અને સરકારે ભાવનગરથી આવતા માલને બ્રિટિશ હદમાં છૂટથી દાખલ થવા દેવો. આ કરાર છતાં બંદરનો વેપાર વધતો જોઈ બ્રિટિશ સરકારે વિરમગામ ઉપર લાઈનદોરી નાખી. તે સામે પટ્ટણીજીએ લડત આપી. લડતના કાગળો છેક લંડન પહોંચ્યા ત્યારે જ તેનો છેડો આવ્યો અને પટ્ટણીજીએ તૈયાર કરેલ ભાવનગરનો 'કેસ' સફળતા પામ્યો. પટ્ટણીજીની દિવાનગીરી દરમિયાન સખત દુષ્કાળ આવેલ ત્યારે ઘોડા ઉપર અને ચાલતાં, એમ કરીને રોજ ૪૦ થી ૫૦ માઈલ રાહતકાર્યમાં ફરતા.

પટ્ટણી સાહેબની અંગત સૂઝ અને આવડતે ત્યારબાદ આર્થિક સુધારાઓના અનેક સુઆયોજીત પ્રયાસોથી રાજ્યને 'સરપ્લસ' સ્થિતિમાં મૂક્યું અને સરવાળે જ્યારે સ્વતંત્ર ભારતને સ્વેચ્છાએ ભાવનગર રાજ્યની મોંઘેરી સોગાદ પુણ્યશ્લોક મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ અર્પણ કરી ત્યારે ભાવનગર રાજ્યે રુપિયા અઢાર કરોડની સિલક બતાવી અને આ નોંધપાત્ર નાણાંકીય યોગદાન સૌરાષ્ટ્ર રાજ્યને વહીવટ ચલાવવામાં ઉપયોગી બન્યું. ભાવનગર રાજ્યમાં વહીવટની ઉજળી પ્રણાલિકાઓ જે પટ્ટણી સાહેબે સહજ રીતે જ સ્થાપી તે કોઇપણ વહીવટકર્તાઓને ઉપયોગી-માર્ગદર્શક બને તેવી શાશ્વત છે.



બાળરાજા કૃષ્ણકુમારસિંહજી

૧૯૧૯માં ભાવસિંહજીનુ મૃત્યુ થયું તે પહેલાં મહારાજાએ મિત્ર પ્રભાશંકરને તેમના સગીર વારસદાર કૃષ્ણકુમારસિંહજીના ઉછેર અને તાલિમની જવાબદારી આપી ગયા હતાં. કૃષ્ણકુમારસિંહજીનો ૧૯૩૧માં રાજ્યાભિષેક થયો ત્યાં સુધી પટ્ટણીજીએ પોતાની ફરજ બજાવી. કેળવણી-ન્યાય-શાસન પદ્ધતિ તેમજ પ્રમાણમાં મુશ્કેલ તથા ગુંચવણભરી રાજ્યની નાણાંકીય બાબતોને પટ્ટણીજીએ કુશળતાથી સંભાળી હતી. સર પટ્ટણીનું જીવન પ્રેરણાના અખૂટ સ્રોત સમાન છે. તેઓ તેમની દુરંદેશી, વાકપટ્ટુતા, વ્યક્તિત્વ માટે ઓળખાતા હતા. બ્રિટીશરાજથી છાનાં તેમણે પ્રખર ક્રાંતિકાર પૃથ્વીસિંહ આઝાદને ૧૨ વર્ષ સુધી ભાવનગરમાં અજ્ઞાતવાસ આપ્યો હતો. તેઓ લોકશાહીના સમર્થક હતા. ૧૯૨૪માં તેમણે પ્રથમ સાવરકુંડલા મહાલમાં પંચાયતી રાજ્યનો સફળ પ્રયોગ કર્યો હતો અને પછી તે મુજબ વહિવટી વ્યવસ્થા રાજ્યભરમાં સ્થાપવા કાયદો કર્યો હતો. કૃષ્ણકુમારસિંહજી મહારાજાના વખતમાં ખેડુકરજ નિવારણનું કામ જે પાર પાડ્યું તે આખા હિન્દુસ્તાનમાં પ્રથમ ભાવનગર રાજ્યમાં થયું.

આ દરમિયાન, ૧૯૧૨માં બ્રિટીશ રાજ્યના ખાસ આગ્રહથી તેમણે મુંબઇ ગવર્નરની એક્ઝિક્યુટીવ કાઉન્સીલનું સભ્યપદ સ્વિકાર્યું. ઈંગ્લેન્ડમાં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં તેઓ ગયા. આ પરિષદમાં ભાગ લેવા તેમણે ગાંધીજીને પણ પ્રોત્સાહિત કર્યા. સરકારે તેમને સરનો ખિતાબ આપીને તેમની સુંદર સેવાઓ માટે બહુમાન કર્યું.

૧૯૩૭માં રમાબા ગુજરી ગયાં. ૧૯૩૮માં હરિપુરા કોંગ્રેસ સંમેલનમાં જતાં ટ્રેનમાં જ દેશપ્રેમી પ્રભાશંકર પટ્ટણીનું અવસાન થયું. કૃષ્ણકુમારસિંહજી મહારાજાએ સર પટ્ટણીના મોટા પુત્ર અનંતરાયને દિવાનગીરી સોંપી. તેમના સાથીદાર તરીકે ભાવનગરના લોકપ્રિય ચીફ જસ્ટિસ નટવરલાલ સુરતીને નાયબ દિવાન સ્થાને મુક્યા. ૧૯૪૭માં સ્વરાજ આવતાં મહારાજાએ ભાવનગર રાજ્ય નવોદિત ભારત ગણરાજ્યને સોંપ્યુ

ગુજરાત રાજ્યની સ્થાપનાના છ દાયકા પછી આજે પણ લોકહિતને પ્રાધાન્ય આપીને જ વહીવટની તમામ વ્યવસ્થાઓ ગોઠવવા માટે ભાવનગરના પુણ્યશ્લોક મહારાજા કૃષ્ણકુમારસિંહજી તથા તે રાજ્યના જ સમર્થ દિવાન સર પ્રભાશંકર પટ્ટણીને આપણે આદર સાથે યાદ કરીએ છીએ. રાજ્યના તમામ નિર્ણયોમાં માનવીય અભિગમ સ્પષ્ટ દેખાતો હોવાથી ગાંધીજી પણ ભાવનગર રાજ્યના છેલ્લા રાજવી કૃષ્ણકુમારસિંહજીથી પ્રભાવિત થયા હતા.

(Sources & Photo Courtesy : www.readgujarati.com, https://kathiyawadikhamir.com, https://gu.wikipedia.org, https://pbs.twimg.com, www.npg.org.uk, https://upload.wikimedia.org, www.indianrajputs.com, www.bbc.com)